1. પ્રક્ષેપ - ટૂંક નોંધ લખો.

➢ પૃથ્વીના ગોળાકાર સપાટીને સપાટ માધ્યમ પર ઉતારતાં તેનાં ક્ષેત્રફળ, સ્થાન, અંતરે, સાપેક્ષ દિશા, આકાર કે કદમાં કોઈ ખાસ ફેરફાર ન થાય તે માટે નકશામાં પ્રક્ષેપ (Projection)નો ઉપયોગ કરવામાં આવે છે. પ્રક્ષેપ એટલે પૃથ્વીની ગોળાકાર કે વક્રાકાર સપાટીને કાગળ પર ઉતારવાનો પ્રયત્ન. નકશાના પ્રક્ષેપ કોઈ માધ્યમ પર ભૌમિતિક પદ્ધતિથી આકારાય છે. ત્રિમિતિ ધરાવતી પૃથ્વી સપાટ કાગળ પર ઉતારવા માટે જે પધ્ધતિ વપરાય છે, તેને નકશાની પ્રક્ષેપ પધ્ધતિ કહે છે. પોપણ -ક્રિયા માટે ત્રણ વસ્તુઓ જરૂરી છે :
(1) તારથી બનેલો પૃથ્વી નો ગોળો (2) જેના પર પ્રક્ષેપણ-ક્રિયા કરવાની છે, તે સપાટ પૃષ્ઠ ભાગ અને (3) પ્રકાશ પ્રક્ષેપક એટલે કે પ્રકાશ આપનાર વસ્તુ.

2. 'રૂઢ સંજ્ઞાઓ' નકશાની લઘુલિપિ છે. કારણ આપો.

➢ નકશામાં ભૂપૃષ્ઠની ઉપર આવેલી અનેક પ્રાકૃતિક (Physical) અને સાંસ્કૃતિક (Cultural) વિગતો દર્શાવવા માટે અમુક ચોક્કસ પ્રકારનાં સાંકેતિક ચિહ્નો વપરાય છે. આ સાંકેતિક ચિહનોને 'રૂઢ સંજ્ઞાઓ' (Conventional signs) કહેવામાં આવે છે. કેટલીક વિશિષ્ટ વસાહતો માટે નિશ્ચિત આકૃતિઓ કે પ્રથમાક્ષરી શબ્દો રૂઢ સંજ્ઞા તરીકે વપરાય છે. જેમ કે, આરામગૃહ માટે RH, તારે અને ટપાલ કચેરી માટે RTO, પોલીસમથક માટે PS વગેરે. મંદિર, મસ્જિદ, દેવળ વગેરે કેટલીક વિશિષ્ટ ઇમારતો તેના જેવી જ નાના કદની આકૃતિઓ નો ઉપયોગ નકશામાં થાય છે. આમ, સાંસ્કૃતિક તત્ત્વોના શાબ્દિક અર્થઘટનને ટૂંકાવવા આવા રૂઢ ચિહ્નોનો ઉપયોગ થાય છે. તેથી રૂઢ સંજ્ઞાઓને નકશાની 'લઘુલિપિ' કહે છે.